જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૫/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૬૫/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૫/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૯ | ૧ | ૧૪૦ | ૪૧૬ | ૪ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૨ | ૧ | ૧૦૦૬૯૩ | ૧૦૯૫૯૪ | ૪ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬ | ૩,૦૯,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# <u>પાસા અટકાયતની વિગત</u>

**<u>નરોડા પોલીસ સ્ટેશનઃ-</u>**

## <u>પોક્સોના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ”</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૫૩૨/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, તથા એટ્રોસીટી એકટ ૩(૨)(૫-અ), પોક્સો એકટ કલમ ૧૧(૬), ૧૨, ૧૮ મુજબના ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૪૯૧/૨૦૨૨ તા-૩૦/૦૫/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૩૦/૦૫/૨૦૨૨ ના કલાક-૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૩૦/૦૫/૨૦૨૨

**<u>આરોપીનુ નામ -</u>**

“સૌરભ ઉર્ફે સોનુ રાજેશભાઇ તાનાજી માળી ઉ.વ.૧૮ રહેઃ ઇ/૫૨, ગોકુલધામ એપાર્ટમેન્ટ, ચોથો માળ, વેજલપુર, પોલીસ ચોકી પાછળ, વેજલપુર, અમદાવાદ શહેર

**<u>કામગીરી કરનાર અધિકારી / કર્મચારી</u>**

પોલીસ સબ ઇન્સ્પેક્ટર એ.એમ.પટેલ તથા પી.આઇ.પર્સનલના હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭ તથા લોકરક્ષક મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦



## <u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૬૬/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૮ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૬૭/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## **<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૬૮/૨૦૨૨</u>**

**મણીનગરઃ** આદીત્યકુમાર પ્રમોદકુમાર ધાડેવા (ઉ.વ.૨૫)(રહે.દીપચંદન એપાટ ઝેડ બ્લુ ના શો રૂમની ગલીમા, ધનલક્ષ્મી સોસાયટી, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૩૦/૦૫/૨૨ ના કલાક ૩/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની ગેલેરીની ખુલ્લી જાળીમાંથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી રોકડ રૂપિયા ૨,૭૦૦/-, સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૪,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કુલ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૬,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

## **<u>લુંટઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૬૯/૨૦૨૨</u>**

**ઓઢવઃ** નયનકુમાર કીશોરચન્દ્ર રાવલ (ઉ.વ.૫૦)(રહે.અભીલાસા રેસીડન્સી, ન્યુ ઈન્ડીયા કોલોની નિકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૨ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે સેલ્સ ડેપોમાં બે દીવસના જમા કુલ રૂપિયા ૪,૪૪,૦૦૦/- લઈ નયનકુમારનાઓ કઠવાડા ખાતે આવેલ HDFC બેંકમાં જમા કરાવવા મોટરસાયકલ લઈ નીકળેલ હતા ત્યારે ઓઢવ વેપારી મહામંડળ થી અભીશ્રી એસ્ટેટ જવાના રોડ ઉપર એક એક્ટીવા ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ(૨૫ થી ૩૫ વર્ષના આશરાના) એ નયનકુમારના મોટર સાયકલને અકસ્માત કરી નીચે પાડી દેતા પાછળ થી બીજી મોટર સાયકલ ઉપર આવેલ બીજા બે અજાણ્યા પુરૂષો (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) એ નયનકુમાર પાસેની કાળા રંગની બેગ કે જેમા રોકડ રૂપિયા ૪,૪૪,૦૦૦/- તથા ભરેલા ચેકો મુકેલ હતા તે બેગની લુંટ કરી તમામ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૭૦/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** મયુર બળદેવભાઇ શ્રીમાળી (ઉ.વ.૨૦)(રહે.વસંત-રજબનગર હરીઓમ ફ્લેટ સામે, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૫/૨૦૨૨ સાંજના ૪/૩૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચીમ કિનારે સરદારબ્રિજ નીચે રીવરફ્રન્ટ વોક-વે ખાતે પોતાની જાતે નદીના પાણીમાં ઝંપલાવી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**વેજલપુરઃ** નિધિબહેન ડો/ઓ અશ્વિનભાઇ પટેલ (ઉ.વ.૨૨)(રહે.સ્વયં શક્તિ ફ્લેટ, જલતરંગ બસ સ્ટેન્ડ પાસે, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૫/૨૦૨૨ સવારના ૯/૩૦ થી ૧૦/૩૦ દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

**નરોડાઃ** વિમળાબહેન ડૉ/ઓ કાંતીભાઇ પરમાર (ઉ.વ.૩૪)(રહે.સ્વામીનારાયણ પાર, હરિદર્શન ચાર રસ્તા પાસે, નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૫/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.રાવળ ચલાવે છે.

**નિકોલઃ** ઉર્વીશ હરેશભાઇ સોડાગર (ઉ.વ.૨૨)(રહે.સિધ્ધાંત ફ્લેટ, ખોડીયારનગર રોડ, નિકોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૫/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.